# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 15-05-2026** **EVENING: 7.10 TO 7.20**
**Day : FRIDAY** **Regional News**

**આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર રીટા દવે વાંચે છે.**

***************************************************

1) નાગરિકોને બિનજરૂરી સંગ્રહખોરી અને ગભરાટમાં ખરીદી ન કરવા રાજ્ય સરકારની અપીલ.

2) અધિકારીઓ અને કર્મચારીઓને વર્ચ્યૂઅલ બેઠક યોજવા અને બિનજરૂરી વિદેશ પ્રવાસ ટાળવા રાજ્ય સરકારની સૂચના.

3) નીટ યુજીની પુનઃપરીક્ષા આગામી 21 જૂને યોજાશે - રાષ્ટ્રીય પરીક્ષા સંસ્થાની જાહેરાત.

4) કચ્છના મુંદરા બંદર પરથી અંદાજે 140 કિલો કેફી પદાર્થનો જથ્થો કબજે કરાયો.

5) રાજ્યમાં આગામી 48 કલાક બાદ ગરમી ઘટે તેવી શક્યતા.

6) ગાંધીનગરમાં યોજાયેલી એશિયન વેઇટલિફ્ટિંગ ચેમ્પિયનશિપમાં ભારતીય ખેલાડી હરજિંદર કૌરે કાંસ્ય ચંદ્રક જીત્યો.

.............................................................

સમાચારને અંતે (આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)
હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# CABINET DECISION OVERALL

રાજ્ય સરકારે નાગરિકોને બિનજરૂરી સંગ્રહખોરી અને ગભરાટમાં આવીની ખરીદી ન કરવા અપીલ કરી. ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં યોજાયેલી રાજ્ય મંત્રીમંડળની બેઠક બાદ પત્રકાર પરિષદને સંબોધતા પ્રવક્તા મંત્રી જિતુ વાઘાણીએ આ માહિતી આપી.

(BYTE: JITU VAGHANI, PRAVAKTA MANTRI) – SANGRAHKHORI

શ્રી વાઘાણીએ કહ્યું, સરકારી અધિકારીઓને વર્ચ્યૂઅલ બેઠક યોજવા, બિનજરૂરી વિદેશ પ્રવાસ ટાળવા જણાવાયું છે.

(BYTE: JITU VAGHANI, PRAVAKTA MANTRI) – ONLINE MEETING

સરકારી કર્મચારીઓને ઇલેક્ટ્રિક અથવા હાઈબ્રિડ વાહન તેમજ જાહેર પરિવહન સેવાનો ઉપયોગ કરવા સૂચના અપાઈ છે. જ્યારે જરૂરિયાત મુજબ વર્ક ફ્રોમ હોમ એટલે કે, ઘરેથી કામ કરવાનો નિર્ણય લેવા દરેક વિભાગના વડાને જાણ કર્યું હોવાનું શ્રી વાઘાણીએ જણાવ્યું.

(BYTE: JITU VAGHANI, PRAVAKTA MANTRI) – METRO TRAIN

શ્રી વાઘાણીએ વધુમાં કહ્યું, મંત્રીમંડળની બેઠકમાં રાજ્યના પેટ્રોલ અને ડીઝલના જથ્થાની દેખરેખની જવાબદારી મુખ્યસચિવને સોંપવા તેમજ આગામી છ મહિનામાં તમામ સરકારી કેન્ટિનમાં પાઈપ્ડ ગેસ જોડાણ – PNG ફરજિયાત બનાવવાનો પણ નિર્ણય કરાયો છે.

ઉલ્લેખનીય છે કે, કરકસર અને સંસાધનોનો વિવેકપૂર્ણ ઉપયોગ સહિતની પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અપીલને ધ્યાને રાખી રાજ્ય સરકાર દ્વારા મહત્વના પગલાની જાહેરાત કરવામાં આવી છે.

# ST NEW BUSES

રાજ્યમાં આવતીકાલથી વિવિધ માર્ગ પર 300 નવી ST બસ દોડાવાશે. ગાંધીનગરમાં આ અંગેની જાહેરાત કરતા નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની ઈંધણ બચાવોની અપીલને ધ્યાને રાખી ઉદ્ઘાટન કે ભવ્ય સમારોહ વિના મુખ્યમંત્રીના “ઝીરો સેરેમની” સંકલ્પ હેઠળ આ તમામ બસ સીધી જ કાર્યરત્ કરાશે.

શ્રી સંઘવીએ વધુમાં કહ્યું, સરકારી કર્મચારીઓને કોઈ પણ બેઠક માટે ગાંધીનગર નહીં બોલાવવા પણ સરકારે નિર્ણય કર્યો છે.

**(BYTE: HARSH SANGHAVI, DEPUTY CHIEF MINISTER)**

# PETROL BACHAO

પ્રધાનમંત્રી મોદીએ ઈંધણ બચાવવા અંગે કરેલી અપીલને દેશભરમાં વ્યાપક સમર્થન મળી રહ્યું છે. ત્યારે વલસાડમાં પેટ્રોલ ડિઝલની અછતની અફવા ફેલાતા પેટ્રોલ પંપ પર લાંબી કતાર જોવા મળી. દરમિયાન જિલ્લા પુરવઠા અધિકારીએ લોકોને અફવાથી દૂર રહેવા અને જરૂર મુજબ જ પેટ્રોલ ભરાવવા લોકોને અપીલ કરી. તેમણે તંત્ર દ્વારા પેટ્રોલિયમ કંપનીઓ સાથે સંકલન સાધીને જિલ્લામાં ઈંધણનો પુરવઠો જાળવી રાખવાની ખાતરી પણ આપી છે.

સાથે જ ભરૂચમાં પણ જાહેર પરિવહન સેવાને પ્રોત્સાહન આપવા આજથી GSRTC દ્વારા વિલાયત, સાયખા અને ભેરસમ GIDC વિસ્તાર માટે નવી બસ સેવા શરૂ કરવામાં આવી.

# CM CONVOY DECREASE

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તેમના કાફલામાં ફરી ઘટાડો કરતાં તેઓ આજે માત્ર ત્રણ ગાડીઓ સાથે ગાંધીનગરમાં રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં પહોંચ્યા. જ્યારે વિવિધ મંત્રીઓ પણ ઇલેક્ટ્રિક વાહન સાથે ગાંધીનગર પહોંચ્યા હતા.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **Youtube** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **newsonair.gov.in/**સ્લેશ/**GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

---------------------------------------------------------------------------

# EVE NEET EXAM DATE

દેશભરમાં મેડિકલ કૉલેજો માટેની રાષ્ટ્રીય પાત્રતા અને પ્રવેશ પરીક્ષા – નીટ યુજીની ફરી પરીક્ષા આગામી 21 જૂને યોજાશે. નવી દિલ્હીમાં એક પત્રકાર પરિષદમાં કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને રાષ્ટ્રીય પરીક્ષા સંસ્થા – NTA દ્વારા જાહેર કરાયેલી નવી તારીખ અંગે માહિતી આપતા કહ્યું આગામી 14 જૂન સુધીમાં વિદ્યાર્થીઓને પ્રવેશપત્ર ઉપલબ્ધ કરાવાશે. આવતા વર્ષથી નીટ પરીક્ષા કમ્પ્યુટર-આધારિત પરીક્ષા - CBT પદ્ધતિથી લેવાશે તેવી પણ શ્રી પ્રધાને જાહેરાત કરી.

કેન્દ્રીય શિક્ષણ મંત્રીએ કહ્યું ભવિષ્યમાં કોઈપણ અનિયમિતતા અટકાવવા માટે પરીક્ષા પ્રણાલીને મજબૂત બનાવવા પગલાં લેવાશે.

બીજી તરફ રાષ્ટ્રીય પરીક્ષા સંસ્થા – N.T.A.એ ઉમેદવારો અને વાલીઓને માત્ર NTAના સત્તાવાર સ્ત્રોત પર જ વિશ્વાસ કરવા અનુરોધ કર્યો છે.

# KACHCHH DRUGS SEIZED

**કચ્છના મુંદરા બંદર પરથી અંદાજે 140 કિલો કેફી પદાર્થનો જથ્થો કબજે કરાયો છે. અમદાવાદ નાર્કોટિક્સ કન્ટ્રોલ બ્યૂરો – NCB-એ માહિતીના આધારે મુંદરા બંદર પર આ કાર્યવાહી કરી. NCBએ મુંદરા કસ્ટમ વિભાગના S.I.I.B. શાખાની મદદથી એક જેટ્ટી પર આયાતી કન્ટેનરમાં તપાસ કરતા આ કેફી પદાર્થ મળી આવ્યો હતો.**

**(VOICECAST: HEMANG PATTANI)**

# KALOL WORKER DEATH

ગાંધીનગરના કલોલમાં ત્રણ શ્રમિકના મોત થયાના અહેવાલ છે. અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે, કલોલમાં સઈજ ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ – G.I.D.C.ની એક કંપનીમાં ગત રાત્રે જમીનની અંદરની ટાંકી સાફ કરતી વખતે ત્રણ શ્રમિકના મોત નીપજ્યા. જ્યારે એક શ્રમિકની હાલત ગંભીર હોવાથી હાલ તે હૉસ્પિટલમાં દાખલ છે. આ અંગે અધિકારીઓએ સમગ્ર ઘટનાની સંપૂર્ણ તપાસ કરવા અને જવાબદારો સામે જરૂરી પગલા લેવાશે તેમ જણાવ્યું.

# JND PRAVIN MALI

માર્ગ અને પરિવહન રાજ્યમંત્રી પ્રવિણ માળીએ જુનાગઢ ST બસ મથકની મુલાકાત લીધી. દરમિયાન તેમણે મુસાફરો માટે ઉપલબ્ધ કરાવાયેલી સુવિધાઓ તેમજ બસ મથકની સ્વચ્છતાનું નિરીક્ષણ કર્યું. આ સાથે જ મંત્રીશ્રીએ મુસાફરો અને બસ મથક પર વિવિધ દુકાનદારો સાથે સંવાદ કર્યો.

# WEATHER FORECAST

રાજ્યમાં આગામી 48 કલાક બાદ ગરમીમાંથી રાહત મળી શકે છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિક પ્રદીપ શર્માએ કહ્યું, આગામી દિવસોમાં રાજ્યનું વાતાવરણ સુકું રહેશે. તેમ છતાં ગરમીનો પ્રકોપ યથાવત્ રહેવાની શક્યતા છે. દરમિયાન લોકોને બપોરે બિનજરૂરી બહાર ન જવાની પણ સલાહ અપાઈ હોવાનું શ્રી શર્માએ જણાવ્યું.

**(BYTE: PRADEEP SHARMA, SCIENTIST, IMD AHMEDABAD)**

# RAJKOT STOCK

રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તમામ સરકારી વખારમાં 3 મહિનાનો પૂરતો અનાજનો જથ્થો રાખવા મામલતદારોને સૂચના અપાઈ છે. ઉપરાંત જિલ્લા પુરવઠા અધિકારીએ વાવાઝોડું, અતિવૃષ્ટિ કે પૂરના સમયે લોકોને આવશ્યક ચીજવસ્તુ મળી રહે, આપત્તિ સમયે અસરગ્રસ્ત લોકો માટે ખાદ્ય સામગ્રીની વ્યવસ્થા કરવા તેમજ જિલ્લા અને તાલુકા આકસ્મિક સંચાલન કેન્દ્રો સાથે સંકલનમાં રહેવા જણાવ્યું છે.

# WEIGHT LIFTING

ગાંધીનગરમાં યોજાયેલી  એશિયન વેઇટલિફ્ટિંગ ચેમ્પિયનશિપમાં ભારતીય ખેલાડી હરજિંદર કૌરે મહિલાઓની 69 કિલો શ્રેણીમાં કાંસ્ય ચંદ્રક જીત્યો. સ્નેચમાં 96 કિલો અને ક્લીન એન્ડ જર્કમાં 121 કિગ્રા વજન ઉપાડીને આ સિધ્ધી મેળવી છે.

આ શ્રેણીમાં ડીપીઆર કોરિયાના સોંગ કુક હ્યાંગે 112 કિલો સ્નેચ અને 151 કિલો ક્લીન એન્ડ જર્ક સાથે સુવર્ણ ચંદ્રક જીતીને વિક્રમ બનાવ્યો. જ્યારે ચીની તાઇપેઇના ચેન વેન-હુઇએ કુલ 239 કિલો વજન ઉપાડીને રજત ચંદ્રક જીત્યો. તેમજ જાપાનના મિયાગો યુઇએ 219 કિલો વજન ઉપાડીને કાંસ્ય ચંદ્રક જીત્યો.

# POST DEP WORKSHOP

ભારતીય ડાક વિભાગ દ્વારા "એક રાજ્ય એક જીએસટી"ના અસરકાર અમલીકરણ માટે અમદાવાદમાં કાર્યશાળા યોજાઈ. તેનો પ્રારંભ કરાવતા ઉત્તર ગુજરાત પરિક્ષેત્રના પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણકુમાર યાદવે કહ્યું, હવે નવી વ્યવસ્થા સમગ્ર રાજ્યમાં એકીકૃત પ્રણાલિ તરીકે કાર્ય કરશે. એટલે હિસાબી પ્રક્રિયા, ટેક્સ અનુપાલન તથા નાણાકીય રિપોર્ટિંગ વધુ સરળ અને અસરકારક બનશે. સાથે જ વહીવટી કાર્યક્ષમતામાં વધારો, સમયની બચત, ભૂલોમાં ઘટાડો તથા જવાબદારીમાં નોંધપાત્ર સુધારો સુનિશ્ચિત થશે.

ઉલ્લેખનીય છે કે, નવી જીએસટી પ્રણાલિના સફળ અમલીકરણ માટે અધિકારીઓને તાલીમ આપવાનો અને એકીકૃત કાર્યપદ્ધતિ અંગે માર્ગદર્શન આપવાના હેતુસર આ કાર્યશાળા યોજાઈ હતી.